# પાલનપુરની સિવિલ હોસ્પિટલના નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા રેહાનનું સફળ ઓપરેશન....



પાલનપુર તા.૫

મનુષ્યના શરીરમાં દરેક અંગ ખુબ જ અગત્યનું માનવામાં આવે છે. ખાસ કરીને શ્રવણ એટલે કે કાન એ કોમ્યુનિકેશનનું અભિન્ન અંગ માનવામાં આવે છે. જે સાંભળી શકતો નથી એ બોલવામાં પણ અસમર્થ હોય છે. બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના પાવડાસણ ગામના રહેવાસી રેહાન દિનેશભાઈ પીંજારા, જેની ઉંમર ૧૧ વર્ષ છે અને આ બાળકને છેલ્લા કેટલાય સમયથી કાનમાં રસી આવતી હતી તેમજ ઓછું સંભાળાતું હોઈ, તેને બેહરાશ જેવું લાગતું હોવાથી ડીસા તેમજ પાલનપુરની જાણીતી હોસ્પિટલોમાં તબીબી સારવાર લીધી હતી. પરંતુ દુઃખનું નક્કર પરિણામના મળતા આખરે થરાદ ખાતે રહેતા તેમના સગાસબંધીઓનો સંપર્ક કર્યો અને જાણકારી મેળવી કે, આમ તેમ ખોટા ખર્ચ કર્યા વિના આ બાળકની પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી લો તો કદાચ તમારા દિકરાને સારું થઈ જાય.

શ્રી દિનેશભાઈ પીંજારાને યોગ્ય માર્ગદર્શન મળતાં તેમણે પોતાના વ્હાલસોયા પુત્ર રેહાનને પાલનપુર ખાતે આવેલ પશુપાલકોની માલિકીની એકમાત્ર સંસ્થા શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જનરલ સિવિલ હોસ્પિટલના ઈ.એન.ટી વિભાગમાં લઈ ગયા. ત્યાં રેહાનના અગાઉના તમામ રીપોર્ટસની તપાસ કરવામાં આવી તથા કાન તેમજ મગજનું સીટીસ્કેન કરવામાં આવ્યું. આ સીટી સ્કેન કરતાં ખબર પડી કે રેહાનના કાનના હાડકામાં સડો થાય છે અને તેની રસી મગજ સુધી પહોંચે તેમ છે એટલે ઓપરેશન કરવું જરૂરી હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડાં.સુનિલભાઈ જોષીના માર્ગદર્શનમાં ઓપરેશન વિભાગના ડૉ.હાર્દીકા પટેલ, ડૉ.શિલ્પા પરમાર, ડૉ.સાધના યાદવ, ડૉ.રૂપલ ચૌધરી સહિત નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા બે કલાકનું સફળ ઓપરેશન કરી રસી તેમજ હાડકાનો સડો જડમૂળમાંથી બહાર કાઢી રેહાનને કાનના દુઃખાવામાંથી રાહત અપાવી છે.

**કાનની રસી તેમજ હાડકાનો સડો જડમૂળમાંથી દૂર કરી બાળક રેહાનને પીડામાંથી મુક્તિ અપાવી**

ત્યારબાદ બાળક રેહાનને ફીમેલ સર્જીકલ વોર્ડ ખાતે દાખલ કરી જરૂરી રસીના ઈન્જેક્શનો ચાલુ કરવામાં આવ્યા હતા. ખાનગી હોસ્પિટલમાં લાખો રૂપિયાના ખર્ચે થતી કાનની તબીબી સારવાર પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં વિનામૂલ્યે કરવામાં આવતા મજુરી કરીને ઘરનું ગુજરાન ચલાવતા પરિવારને મોટી રાહત થઈ છે.

કાનના ઓપરેશન બાદ રેહાનને રાહત થતાં અને સંપૂર્ણ સ્વસ્થ થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી ૧૩ દિવસની લાંબી સારવાર બાદ રજા આપવામાં આવી છે. પાલનપુર ખાતે આવેલ અત્યંત આધુનિક તબીબી સારવાર માટે ચેરમેનશ્રી પી.જે.ચૌધરીના માર્ગદર્શન થકી ઉત્તમ તબીબી સારવાર આપવામાં આવી રહી છે ત્યારે પરિવારે સિવિલ હોસ્પિટલ તેમજ ડોક્ટર સહિત નર્સિંગ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના સહિતની શાળાઓમાં શિક્ષકો મૂકાયા

# સાબરકાંઠા, અરવલ્લીની સરકારી પ્રા.શાળાઓની અનુભવી નવા ૮૦૩ પ્રાથમિક શિક્ષકો મળ્યા

## શિક્ષકોની ઘટ દૂર થતાં પ્રા.શાળાનું શિક્ષણ હવે રફતાર પકડશે

બાયડ, તા.૦૫

વર્ષોથી વતનથી દૂરના જિલ્લામાં ફરજ બજાવતા પ્રા.શિક્ષકોને સિનિયોરીટી આધારે ૧૦૦ ટકા બદલી કેમ્પનો લાભ મળતાં સાબરકાંઠા અને અરવલ્લી



જિલ્લાના ૧૪ તાલુકાના વતની હોય તેવા ૮૦૩ પ્રા.શિક્ષકોને વતનના જિલ્લાની શાળામાં નોકરી કરવાનો લાભ મળતાં ખુશાલી જોવા મળી રહી છે. છેલ્લા લાંબા સમયથી ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના વિસ્તારના આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોની ઘટનો મુદ્દો વારંવાર વિધાનસભા ગૃહમાં ઉછળતો હતો પરંતુ હવે તે ભૂતકાળ થયો છે. આદિવાસી તાલુકાઓમાં પણ ખાલી જગ્યાઓ હતી ત્યાં જિલ્લાફેર પ્રા.શિક્ષકો મૂકવામાં આવતાં આવા વિસ્તારોમાં હવે પ્રા.શાળાનું શિક્ષણ વધુ તેજ રફતાર પકડશે.

મળતી જાણકારી અનુસાર સરકારી પ્રા.શાળાઓ માટે જુલાઈ મહિનો યાદગાર બની ગયો. તમામ જિલ્લાઓમાં એક સાથે ૧૦૦ ટકા જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. સાબરકાંઠા જિલ્લાનો બદલી કેમ્પ ગ્રોમોર કેમ્પસ-બેરણા અને અરવલ્લી જિલ્લાનો કેમ્પ મોડેલ સ્કુલ-મેઘરજ ખાતે યોજવામાં આવ્યો જેમાં ધો.૧ થી ૮માં ખાલી જગ્યાઓ ઉપર ખુબ જ પારદર્શકતા સાથે બદલી કેમ્પનું આયોજન થતાં અત્યાર સુધીના બદલી કેમ્પમાં એક સીમા ચિન્હરુપ બદલી કેમ્પ બન્યો. કોઈપણ સ્થળે જિલ્લાફેર બદલી કેમ્પમાં વાદવિવાદ જોવા ન મળ્યો અને દાયકાઓથી જિલ્લાઓનો ઈતિહાસ છે કે જિલ્લાફેર કે આંતરીક બદલી કેમ્પ હોય ત્યારે હંમેશાં વિવાદ ઉભા થયા છે અને કોર્ટ મેટરો પણ બનેલી છે પરંતુ પ્રથમવાર જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કરાયેલા માઈક્રો આયોજનના કારણે બદલી કેમ્પ ખુબ સરળતાથી સંપન્ન થયા છે. વતનનો લાભ મેળવેલા મોટાભાગના પ્રા.શિક્ષકો શાળાઓમાં હાજર થઈ જતાં જિલ્લામાં નવા ૮૦૩ અનુભવી શિક્ષકોનો ઉમેરો થતાં હવે જિલ્લામાં કેટલાક શિક્ષકો ઉપર વર્ગ ભારણ વધ્યું હતું તે આપોઆપ ઘટ્યું છે.

**ઐતિહાસિક બદલી કેમ્પ કહી શકાય – ડી.પી.ઓ.**

સાબરકાંઠા ડી.પી.ઓ. હર્ષદભાઈ ચૌધરી, અરવલ્લી ડી.પી.ઓ. અર્ચનાબેન ચૌધરીએ જણાવ્યું કે તાજેતરમાં જિલ્લાફેર બદલી કેમ્પ સંપન્ન થયો છે અને તેમાં કોઈપણ સ્થળ બાબતે જરાપણ વિવાદ સર્જાયો નથી. મોટી સંખ્યામાં શિક્ષકો વતનનો લાભ

મેળવી શક્યા છે અને તેમની ફરજ દરમ્યાનના બદલીના કેમ્પ પૈકીનો આ એક ઐતિહાસિક બદલી કેમ્પ હોવાનું પણ તેઓએ જણાવ્યું હતું.

**કેટલા શિક્ષકોને વતનનો લાભ**

| જિલ્લો | શિક્ષક |
|---|---|
| સાબરકાંઠા | ૧૫૦ |
| અરવલ્લી | ૫૩ |

## પાલનપુરમાં રેલવેમાં વિદેશી દારૂની હેરાફેરી કરતો એક શખ્સ ઝડપાયો

**રૂા.૨૩૪૯૦ ની કિંમતની ૨૩ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સની અટકાયત**

પાલનપુર તા.૫

પાલનપુર રેલવે સ્ટેશન પર આવેલી એક એક્ષપ્રેસ ટ્રેનમાં પોલીસે તપાસ દરમ્યાન એક શંકાસ્પદ ઈસમ પાસે રહેલા બે થેલાની તલાશી લેતા તેમાંથી રૂ. ૨૩૪૯૦ ની કિંમતનો ૨૩ બોટલ વિદેશી દારૂ મળી આવતા તેની અટકાયત કરવામાં આવી હતી. પાલનપુર રેલવે સ્ટેશન પર અવાર નવાર મુસાફરોના માલ સામાનની ચિલ ઝડપ અને મોબાઈલ ચોરીના બનાવો વધી રહ્યા હોય રેલવે પોલીસ દ્વારા રેલવે સ્ટેશન પર સઘન ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં સોમવારે રેલવે સ્ટેશન પર સૂર્ય નગરી એક્ષપ્રેસ ટ્રેન આવી પહોંચતા પોલીસે ટીમે ટ્રેન મા ચેકીંગ કરતા એક ઈસમ પાસે બે શંકસ્પદ થેલા જોવા મળતાં આ થેલાની તલાશી લેતા તેમાંથી રૂ. ૨૩૪૯૦.ની કિંમતનો ૨૩ બોટલ વિદેશી દારૂ મળી આવતા ટ્રેન ના વિદેશી દારૂ ની હેરાફેરી કરનાર પુનસી માલા ગઢવી રહે.પાંચોટીયા તા.માંડવી કચ્છ વાળાની અટકાયત કરવામાં આવી હતી.



સાબરકાંઠા જિલ્લાના વનવિભાગ દ્વારા ૭૪ મા વન મહોત્સવ ની ઉજવણી તલોદ તાલુકાના ઉજેદિયા ખાતે આવેલ ઓમ શાંતિ ભવન બ્રહ્મા કુમરીઝ સેન્ટર ખાતે પ્રાંતિજ તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ ધીરુભાઈ પટેલ જિલ્લા કલેકટર નૈનેશ દવે અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક એ. પી સિંહ તલોદ માર્કેટ યાર્ડના ચેરમેન સંજય પટેલ સહિત વન વિભાગનાં અધિકારીઓ કર્મચારી ઓ તેમજ બ્રહ્માકુમારી ભાઈ બહેનોની ઉપસ્થિતિ મા યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમારે જણાવ્યું હતું કે વન વિભાગ દ્વારા દર વર્ષે વૃક્ષા રોપણ કાર્યક્રમ ઉજવવામાં આવે છે આજના ટેકનિકલ યુગમાં પ્રકૃતિ વિસરાઈ ગઈ છે તેમને વૃક્ષારોપણ કાર્યક્રમને દરેક વ્યક્તિ એ પોતાના ગરેથી જ શરૂઆત કરવા હિમાયત કરી પ્રકૃતિ બચાવવા અપીલ કરી હતી બ્રહ્માકુમારીઝ રીત્રિત કાનવિનર નેહબેને જણાવ્યું હતું કે જિલ્લાના ૭૪ માં વમહોત્સવ નુ આયોજન કરવાનું અહોભાગ્ય અમારી બ્રહ્માકુમારી સંસ્થા ને મળ્યું છે એ બદલ વનવિભાગનો આભાર વ્યકત કર્યો હતો તેમણે વધુમાં જણાવ્યું હતું પુરા સંસાર નો ખેલ પ્રકૃતિ, પુરુષ અને પરમાત્મા પર રચાયેલ છે આજે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા આપણી સામે છે પ્રકૃતિ તેનું રૌદ્ર રૂપ બતાવી રહી છે એ પ્રકૃતિ ની જાળવણી માટે વૃક્ષ ઉછેર અગત્યનું અંગ બની જાય છે.

# પાલનપુરના ખખડધજ આબુરોડ હાઈવે પર વધુ એક ટ્રક ખાબકી

**હાઇવે પર ઠેર ઠેર પડેલા ખાડા પાણીથી ભરાયેલા હોય અવાર નવાર અકસ્માત : હાઇવે ઓથોરિટી હાઈવેના ખાડા પુરવામાં લાપરવાહી દાખવતા લોકોમાં રોષ**



પાલનપુર તા.૫

પાલનપુર થી પસાર થતા દિલ્લી નેશનલ હાઈવે પર ખાડારાજનું સામ્રાજ્ય છવાયું છે તેમ છતાં હાઈવે ઓથોરિટી દ્વારા ખાડા પુરવામાં ન આવતા આ માર્ગ પર અવાર નવાર નાના મોટા અકસ્માત સર્જાય રહ્યા છે જે વચ્ચે ફરી એક વાર આબુ હાઈવે પર ટ્રક પલ્ટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. પાલનપુર થી આબુરોડ જતા નેશનલ હાઈવે પર ડગલે ને પગલે મસ મોટા ખાડા પડ્યા છે જેને લઈ આ માર્ગે પસાર થતા ભારે અને નાના વાહન ચાલકો માં સતત અકસ્માત સર્જાવાની ભીતી સેવાઈ રહી છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બયુરો ચીફ શ્રી ગણપતલાલ કે.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જોકે હાલ ચોમાસા ની ઋતુને લઈ હાઈવે પર પડેલા ખાડાઓ માં વરસાદી પાણી ભરાઈ જવાને લઈ વાહન ચાલકો ને હાઈવેના ખાડા નજરે ન ચડતા વાહનો ખાડાઓ માં ખાબકી રહ્યા છે. જોકે ખાડાઓ મમેલ હાઈવે ઓથોરિટી દ્વારા આંખ આડા કાન કરવા માં આવી રહ્યા હોય ફરી એક વાર આબુ હાઈવે પર બોરી ઓ ભરેલી ટ્રક પલ્ટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. જોકે સદ નશીબ ટ્રક ચાલક નો બચાવ થયો હતો જોકે હાઈવે પર પડેલા ખાડાઓ કોઈ જાન હાની સર્જે તે પહેલા તેનું સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## બનાસકાંઠામા અખિયાં મિલાકે રોગના પ્રકોપ વચ્ચે આઇડ્રોપ ખૂટી પડી



પાલનપુર તા.૫

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા પંદર દિવસથી આંખ આવવા નો ચેપી રોગ તીવ્ર ગતીએ ફેલાય રહ્યો છે. જોકે જીલ્લા માં સરકારી આંકડા મુજબ આંખ આવવાનાં કેસોનો આંક પાંચ હજારની વટાવી ગયો છે રોજે રોજ જિલ્લામાં ૨૫૦ થી ૩૦૦ નવા કેસો સામે આવી રહ્યા છે તેવા સમયે સરકારી દવાખાનાઓ માં આંખમાં નાખવાના ટીપા ખૂટી પડતાં લોકોને હાલાકી વેઠવી પડી રહી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠામા કંજકટીવાઈટીસ ચેપી રોગ છેલ્લા પંદરેક દિવસથી વાયુ વેગે પ્રસરી રહ્યો હોય રોજે રોજના અનેક લોકો આંખ ના રોગની ઝપેટ માં આવી રહ્યા છે .જોકે જિલ્લામાં રોજના ૨૫૦ થી ૩૦૦ કેસ સામે આવતા અત્યારસુધી માં આંખના રોગના પાંચ હજાર ઉપરાંત દર્દી નોંધાયા છે. જોકે આંખના રોગમાં આઈડ્રોપ અકશીર ઈલાજ છે. પરંતુ જિલ્લામાં મોટા ભાગના પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં આઈડ્રોપ ખૂટી પડતાં આંખના દર્દીઓને હાલાકી વેઠવી પડી રહી છે. અને ના છૂટકે આંખની મોંઘીદાટ સારવાર ખાનગી હોસ્પિટલોમાં કરાવવાની ફરજ પડી રહી છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા વહેલી તકે જિલ્લામાં પૂરતા પ્રમાણમાં આઈડ્રોપ વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જોકે જિલ્લામાં શહેરી વિસ્તારની સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ અખિયાં મિલાકેનો પ્રકોપ વકરી રહ્યો છે ત્યારે અસરગ્રસ્ત લોકોને જરૂરિયાતના સમયે આઈદ્રોપ મળી રહે તે બાબતે આરોગ્ય તંત્ર દ્વારા ગંભીરતા દાખવવી અતિ જરૂરી છે.

### એસ.ઓ.જી. પાસે પરપ્રાંતિયોની જાણકારી નથી

# જિલ્લાના ઝવેરી બજારમાં ૨૫૦થી વધુ બંગાળી કારીગરો છતાં પોલીસ દફતરે નોંધાયા નથી

**રાજકોટના આતંકી કનેક્શન પછી પણ સ્થાનિક પોલીસ અંધારામાં : પરપ્રાંતિય મજૂરોની જાણકારી આપવાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન**

બાયડ તા.૫

રાજકોટ પોલીસે બંગાળી કારીગર તરીકે કામ કરતા ૩ આતંકીઓને પકડવા પછી સમગ્ર રાજયના ઝવેરી બજારમાં ખળભળાટ

મચ્યો છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આતંકી પ્રવૃત્તિની હિલચાલ ઉપર બાજ નજર રાખતા એસ.ઓ.જી. પાસે ઝવેરી બજારમાં ૨૫૦થી વધુ બંગાળી કારીગરો કામ કરતા હોવા છતાં પોલીસ દફતરે પરપ્રાંતિય કારીગરોની નોંધ શુદ્ધ ન હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. એસ.ઓ.જી. માત્ર ગેસ્ટહાઉસ ચેક કરવા, વિસ્ફોટક પદાર્થો, ગેરકાયદે હથિયારો પકડવાની જ કામગીરીમાં મશગુલ રહેતી હોવાનું બહાર આવ્યું છે.

મળતી જાણકારી અનુસાર ગુજરાત એ.ટી.એસ.ને મળેલ ઈનપુટના આધારે ૩ દિવસ અગાઉ રાજકોટના સોની બજારમાંથી ખુંખાર આતંકી સંગઠન અલકાયદાના ૩ આતંકીઓને પકડી લેવામાં આવ્યા છે અને તે બંગાળી હોવાનું જાણવા મળ્યું છે. બંગાળી કારીગરો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ઝવેરી બજારમાં પણ કામ કરી રહ્યા છે અને તેઓ આવી દેશદ્રોહી પ્રવૃત્તિમાં સામેલ ન હોય તો પણ ગૃહ વિભાગનો આદેશ છે કે કોઈપણ ઔદ્યોગિક ગૃહ કે અન્ય ધંધાના સ્થળે પરપ્રાંતિય કારીગરો કામ કરતા હોય તો તેમના આધારકાર્ડ, ફોટો આઈ.ડી. સહિતની વિગતો નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની જોગવાઈ કરવામાં આવી છે પરંતુ રાજકોટમાંથી એ.ટી.એસ.એ પકડેલા ૩ આતંકીઓની પૂછપરછ દરમ્યાન અનેક ચોંકાવનારા ખુલાસા થવાના છે અને ગંભીર ઘટના છતાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની પોલીસ પાસે કવેરી બજારમાં કામગીરી કરતા બંગાળી કારીગરોની નોંધશુદ્ધ ન હોવાનું સામે આવ્યું છે. ભૂતકાળમાં મોડાસા, હિંમતનગર અને ઈડરમાંથી બંગાળી કારીગરો કેટલાક ઝવેરીઓનું સોનું લઈને ફરાર થઈ ગયાની ચર્ચાઓ પણ ચાલી રહી છે. જો કે જે કોઈ કારણ હોય પરંતુ ઝવેરીઓ આ મુદ્દે કોઈને કોઈ કારણોસર ફરિયાદ કરવાનું ટાળી દેતા હોય છે. જિલ્લાના હિંમતનગરમાં સૌથી વધુ ૨૦૦ અને મોડાસામાં ૫૦થી વધુ બંગાળી કારીગરો ઝવેરી બજારમાં કામ કરતા હોવાની બિનસત્તાવાર વિગતો સામે આવી છે.



**બંગાળી કારીગરો અંગેની નોંધણી નથી – એસ.ઓ.જી.**

રાજકોટના સોની બજારમાંથી બંગાળી કારીગરના સ્વાંગમાં ૩આતંકીઓ પકડાયા પછી પણ સાબરકાંઠા, અરવલ્લી પોલીસે આળસ ખંખેરી નથી. જિલ્લામાં ૩૦૦ થી વધુ બંગાળી કારીગરો વિવિધ વિસ્તારોમાં સોના-ચાંદીના દાગીનાના ઘડામણની આધુનિક સામગ્રીથી કામગીરી કરતા હોવા છતાં નોંધણી થયેલી નથી. સાબરકાંઠા એસ.ઓ.જી. પી.આઈ., એન.એન.રબારી, અરવલ્લી એસ.ઓ.જી. પી.એસ.આઈ., સી.એફ.રાઠોડે જણાવ્યું કે બંગાળી કારીગરો અંગેની કોઈ જાણકારી અમારી પાસે નથી.

**બધુ જ લોલમલોલ, મકાન ભાડે આપ્યાં છતાં વિગતો નથી**

ગૃહ વિભાગ દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે કોઈપણ પરપ્રાંતિયોને ઘર-દુકાન વગેરે ભાડે આપવામાં આવે કે પછી કોઈ ધંધાના સ્થળે નોકરી પર રાખવામાં આવે તો તેમના નામ-સરનામા સાથે આઈ.ડી. પ્રૂફની વિગત પોલીસ સ્ટેશને આપવાનું જાહેરનામું જિલ્લા કલેક્ટરો દ્વારા તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે પરંતુ જિલ્લામાં તેનો કોઈ અમલ થતો નથી. માત્ર પોલીસ નિર્દોષોને દંડી રહી છે.

# કેશરપુરાથી મહીયલ થઈ રસ્તો રિપેર કરાતા વાહન ચાલકોમાં આફત વધી : ત્રણ જેટલી બસો સહિત સંખ્યાબંધ વાહનો ફસાયા





તલોદ તા. ૫

તલોદ રેલવે ફાટક પાસે ઓવરબ્રિજ ની કામગીરી હાથ ધરાઈ હોવાથી હરસોલ થી ચિલોડા તરફ જતા ભારે વાહનો અને ફોર વ્હીલર માટે જિલ્લા કલેકટર દ્વારા અધિકૃત જાહેરનામું પ્રસિદ્ધ કરી ડાયવર્ઝન આપવામાં આવ્યું છે તલોદ ચાર રસ્તા થી કેશરપુરા થી મહિયલ થઈ ભારે વાહનોની અવરજવર રહેતી હોય છે વાહનો ની અવર જવરના લીધે અને ભારે વરસાદ ના કારણે ડાય વર્ઝન વાળા રસ્તા નું ધોવાણ થઈ મસ મોટા ખાડા પડી ગયા હોવા છતાં રોજના હજારો વાહનો ની અવર જવર હોવા છતાં રસ્તો રિપેર કરવા માટે વારંવાર ની રજૂઆત કરવા છતાં વાહન ચાલકો અને મહિયલ ગ્રામજનો નો અવાજ તંત્ર ના બહેરા કાને ન પહોંચતા તલોદ કેશર પુરા થઈ મહિયલ ગામ નો ખાડા ખાડિયા અને ઉખડ બાખડ રોડ નું તાકીદે મરામત કરાવવા માટે મહિયલ ના તાલુકા પંચાયત સદસ્ય દિલાવર સિંહ ઝાલા ની આગેવાની હેઠળ તલોદ તાલુકા વિકાસ અધિકારી ને રજૂઆત કરી રોડ મરામત કરવા માટે માગણી કરી આવેદન પત્ર આપ્યું હતું આવેદન પત્ર આપતા ની સાથે તંત્ર હરકત માં આવ્યું હતું અને બે કલાક માં જ તલોદ ગામ થી મહિયલ થઈ કેશરપુરા ના રોડ ના મરામત ની કામગીરી હાથ ધરી હતી અને તંત્ર દ્વારા મોટા મેટલ પાથરી દેવામાં આવતા ડાયવર્ઝન વાળા રસ્તા પર વાહન ચાલકો ની આફત માં વધારો થવા પામ્યો છે મોટા મેટલ અને કાંકરો પાથરવામાં આવતા મહિયલ થી તલોદ ગામ જવાના રસ્તા પર ત્રણ જેટલી એસ ટી બસ અને સંખ્યા બંધ વાહનો ફસાઈ જવા પામ્યા હતા જેના કારણે ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો ડાય વર્ઝન વાળા રસ્તા નું તાકીદે સુવ્યવસ્થિત રીતે મરામત થાય તેવું વાહન ચાલકો ઈચ્છી રહ્યા છે